# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-10-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## નાગરિકતા પ્રમાણપત્ર કાર્યક્રમ

**રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આવતીકાલે રાજકોટ ખાતે 'ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત' કાર્યક્રમ યોજાશે. જેમાં કચ્છના 6, રાજકોટના ૨૫૯, મોરબીના ૫૩ અને સુરેન્દ્રનગરના ૧ સહિત કુલ ૩૧૯ અરજદારોને ભારતીય નાગરિકતાના પ્રમાણપત્રો આપવામાં આવશે.**

**સિટિઝનશીપ અમેન્ડમેન્ટ એક્ટ (CAA) હેઠળ પાકિસ્તાન, બાંગ્લાદેશ કે અફઘાનિસ્તાનથી ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ પહેલાં આવેલા હિન્દુ, શીખ, જૈન, બૌદ્ધ, પારસી અને ખ્રિસ્તી શરણાર્થીઓને ભારતીય નાગરિકતા મળી રહી છે. આ કાયદાથી દાયકાઓથી પીડિત પરિવારોને ભેદભાવ વિના સન્માનજનક જીવન, શિક્ષણ, આરોગ્ય, મિલકત ખરીદવાના અધિકારો અને મતદાનનો હક પ્રાપ્ત થશે.**

**ઉલ્લેખનીય છે કે, અગાઉ ૧૮ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ અમદાવાદ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ૧૮૮ અને ૨૫ જુલાઈ ૨૦૨૫ના રોજ રાજકોટમાં યોજાયેલા કાર્યક્રમમાં રાજકોટ, મોરબી અને કચ્છ જિલ્લાના ૧૮૧ અરજદારોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.**

**-----------------------------------------------------------------------------------------**

## જન સેવા સે દેશ સેવા : ત્રિપલ તલાક કાયદો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર જીવનમાં 25 વર્ષ પૂર્ણ કર્યા છે. આ પ્રસંગે અમારી વિશેષ શ્રેણીમાં, આજે વાત કરીશું કે ત્રણ તલાક કાયદો મુસ્લિમ મહિલાઓના જીવનમાં પરિવર્તન લાવવામાં કેવી રીતે મદદરૂપ બની રહ્યો છે.

(વોઇસ કાસ્ટ : વિરલ રાણા)

ત્રણ તલાકની પ્રથાથી પ્રભાવિત મુસ્લિમ મહિલાઓને કાનૂની સુરક્ષા અને અધિકારો અપાવવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકારે મુસ્લિમ મહિલા (લગ્ન અધિકાર સંરક્ષણ) અધિનિયમ, 2019 અમલમાં મૂક્યો હતો. આ કાયદા હેઠળ તાત્કાલિક ત્રણ તલાકને ગેરકાયદેસર અને દંડનીય બનાવવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે આ કાયદો બંધારણની ભાવનાને અનુરૂપ મુસ્લિમ મહિલાઓને સમાન અધિકાર અને ન્યાય અપાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

(બાઇટ : નરેન્દ્ર મોદી)

મુસ્લિમ બાબતોના નિષ્ણાત રઝા રિઝવીના જણાવ્યા અનુસાર, ત્રણ તલાક કાયદાએ મુસ્લિમ મહિલાઓને તેમના કાનૂની અધિકારો પ્રત્યે જાગૃત કરવામાં અને તેમને સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

(રઝા રિઝવી)

મુસ્લિમ મહિલા (લગ્ન અધિકાર સંરક્ષણ) અધિનિયમ હેઠળ એવી મહિલાઓને કાનૂની સુરક્ષા પૂરી પાડવાની જોગવાઈ કરવામાં આવી છે, જેઓ ત્રણ તલાકની પરિસ્થિતિમાં સામાજિક અને પારિવારિક દબાણને કારણે પોતાનો અવાજ ઉઠાવી શકતી નહોતી.

વિરલ રાણા, આકાશવાણી સમાચાર, ભુજ.

----------------------------------------------------------------------------------------

## એસટી વિભાગને 80 લાખની આવક

માતાના મઢ ખાતે દર્શનાર્થીઓની સુવિધા માટે કચ્છ એસટી વિભાગ દ્વારા ૭ થી ૧૨ ઓક્ટોબર દરમિયાન ૧ હજાર ૯૦૦ જેટલી વિશેષ બસો દોડાવવામાં આવી

હતી, જેમાં ૬૦ હજાર મુસાફરોએ મુસાફરી કરી હતી અને એસટી નિગમને ૮૦ લાખ રૂપિયાની આવક થઈ હતી, જે ગત વર્ષ કરતા વધુ છે.

શ્રદ્ધાળુઓની સુવિધા માટે કુલ ૧૯૫ બસો અને ૩૫૦ કર્મચારીઓ તૈનાત કરાયા હતા, તેમજ મંદિરથી બસ સ્ટોપ સુધી મિની બસ દ્વારા ફ્રી સેવા અપાઈ હતી. આગામી દિવસોમાં પણ મુસાફરોના ભારે ધસારાને ધ્યાનમાં રાખીને એસટી વિભાગ દ્વારા આ વિશેષ બસોનું સંચાલન આગામી ૧૯ તારીખ સુધી લંબાવવાનો નિર્ણય લેવાયો છે.

---

હવામાન

સરહદી જિલ્લા કચ્છમાં આસો માસમાં પણ અસહ્ય ઉનાળા જેવો તાપ અનુભવાઈ રહ્યો છે. નવરાત્રિની ઉજવણી વચ્ચે વાતાવરણમાં આવેલા પલટાથી ભુજમાં મહત્તમ તાપમાન ૩૯.૩ ડિગ્રી પહોંચતા તે રાજ્યનું બીજા ક્રમનું સૌથી ગરમ શહેર બન્યું હતું. અલ નીનોની અસરથી ઓક્ટોબરમાં સામાન્ય કરતાં વધુ ગરમી રહેવાની સંભાવના સાચી ઠરી છે. દિવસની સાથે રાત્રે પણ ૨૪થી ૨૬ ડિગ્રી લઘુતમ તાપમાનથી ઉકળાટ યથાવત છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી સાત દિવસ મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર ન થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

---

ફોકિઆ દ્વારા સેમિનાર

અંજાર ખાતે ફેડરેશન ઑફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા કર્મચારી રાજ્ય વીમા નિગમના સહયોગથી સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં ૧૦૦થી વધુ ઉદ્યોગોના ૧૫૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ૧ ઓક્ટોબર ૨૦૨૬થી કર્મચારી રાજ્ય વીમા નિગમ કવરેજ અમલી બન્યું છે, જે અંતર્ગત કચ્છમાં આશરે એક લાખ કર્મચારીઓને આ યોજના હેઠળ આવરી લેવાની નેમ છે. સેમિનારમાં કચ્છમાં

**કર્મચારી રાજ્ય વીમા નિગમ ની હોસ્પિટલ ન હોવા અંગે ચિંતા વ્યક્ત કરાતા અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે પ્રાથમિક સારવાર સરકારી કેન્દ્રો અને અન્ય સેવાઓ ટાઈ-અપ હોસ્પિટલો દ્વારા પૂરી પાડવામાં આવશે.**

**------------------------------------------------------------------------------------------**

## કપાસના પાકમાં નિષ્ફળતા

**ભુજ તાલુકાના કોટડા ચકાર, રેહા અને પધ્ધર સહિતના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો જણાવી રહ્યા છે કે ચાલુ વર્ષે કપાસના સારા ભાવ હોવા છતાં અપેક્ષા મુજબનું ઉત્પાદન ન મળવાથી તેમની ચિંતામાં વધારો થયો છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, મોંઘા બિયારણ, ખાતર, દવા અને મજૂરી પાછળ મોટો ખર્ચ કરવા છતાં વાતાવરણમાં ફેરફાર અને માવઠાને કારણે ખેતરમાં પૂરતો પાક હાથમાં નથી આવતો, જેનાથી ઊંચા ભાવ હોવા છતાં ખેડૂતોની આવક મર્યાદિત રહી ગઈ છે.**

**------------------------------------------------------------------------------------------**